અપીલ અરજી નં.૧૨૨/૦૮–૦૯ તા. ૫–૮–૦૮

અરજદાર: મંત્રીશ્રી નવજીવન સોસા. કો.ઓ.હા.સો.લિ.
સામાવાળા: આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમ:–***

***વિષય:–***અરજદાર મંત્રીશ્રી નવજીવન સોસા.,લિ.,કંદબપલ્લી, ટીમલયાવાડ નાનપુરા સુરતની તા.૨૦–૬–૦૮ ના રોજ ૫, નવજીવન સોસાયટી સ્થળે ત્રીજા માળે ગેરકાયદેસર રીતે મહાનગરપાલિકાની રજાચિઠ્ઠી કે પ્લાન મંજુરી વગર પાકી આરસીસીની રૂમો બાંધવા અંગેની ફરીયાદ બાબત.

***સંદર્ભ :–(૧)*** અરજદાર મજકુરની તા.૧૧–૮–'૦૮ ની ફેકસ અરજી નં.૧૨૨/૦૮–૦૯
(૨) અરજદારની તા.૨૦–૮–૦૮ ની અપીલ અરજી.

મંત્રીશ્રી નવજીવન સોસા.,લિ.,કંદબપલ્લી, ટીમલયાવાડ નાનપુરા સુરતની તા.૨૦–૬–૦૮ ની અરજીથી સદર ૫, નવજીવન સોસાયટી સ્થળે ત્રીજા માળે ગેરકાયદેસર રીતે મહાનગરપાલિકાની રજાચિઠ્ઠી કે પ્લાન મંજુરી વગર પાકી આરસીસીની રૂમો બાંધવા અંગેની ફરીયાદ બાબતે કાર્યવાહી અંગે વારંવાર માહિતી માંગવા છતાં પ્રતિસાદ ન મળવાને કારણે એપેલેટ ઓફિસરને તા.૧૧–૮–૦૮ ના રોજ ફેકસથી અરજી કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની ફેકસ અરજીના અનુસંધાને જો થયેલ હોય તો મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો ઈન્કાર કે વિલંબ/વિસંગતતા હોય તો સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૧ તા.૧૪–૮–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તથા અરજદારને નમુના ફોર્મ'જ' અને અરજીની ભરેલી ફી ની રસીદ વિગેરે અંગે પત્ર પાઠવવામાં આવેલ. અરજદારનો તા.૯–૮–૦૮ નો પત્ર તા.૧૪–૮–૦૮ ના રોજ મળેલ પત્ર નં.આરટીઆઈ સેલ/૪૩૪ તા.૨૧–૮–૦૮ ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ. જેના અનુસંધાને આરટીઆઈ સે.ઝોન/આ.નં.૬૨૬ તા.૨૯–૮–૦૮ થી માહિતી પૂરી પાડવામાં આવેલ.

અત્રેની કચેરીના પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૧ તા.૧૪–૮–૦૮ થી અરજદારને પણ પત્ર પાઠવી મુળ અરજીની નકલ તથા ફી ભર્યાની વિગતો મંગાવેલ જેના અનુસંધાને અરજદાર તરફથી નમુના 'જ' નું ફોર્મ રજુ કરવામાં આવેલ પરંતુ મુળ અરજી બાબતે નિયત અરજી ફી ભરેલ રસીદ કે કોઈ આધાર કે વાજબીપણું રજુ કરેલ નથી. જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગત મુજબ અરજદારની તા.૨૦–૬–૦૮ ની અરજી એ સાદી અરજી છે તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી બાંધકામને લગતી વિગતો સોસાયટીના પ્રમુખનું નો ઓબ્જેકસન સર્ટીફીકેટ રજુ કરેલ છે તથા ફકત ટોયલેટનું બાંધકામ બાબતેની વિગતો રજુ કરેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી આરટીઆઈ સે.ઝોન/આ.નં.૬૫૦ તા.૪–૯–૦૮ થી અરજદારને આરટીઆઈ એકટ હેઠળની માહિતી માટે રૂા.૨૦/– ભરપાઈ કરી જવા પત્ર પાઠવવામાં આવેલ છે છતાં અરજદારે ફી ભરપાઈ અંગેની રસીદ આજ દિન સુધી રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૧–૮–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી માટે અરજદારે આરટીઆઈ એકટની કલમ–૬ (૧) હેઠળ નિયત અરજી ફી ભરપાઈ કરવાની રહે છે તથા અરજી કર્યાની તારીખથી દિન–૩૦ માં માહિતી ન મળેથી અથવા મળેલ માહિતીથી અસંતોષ હોય તેવા સંજોગોમાં અપીલ અરજી કરવાની રહે છે. આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ/સે.ઝોન/૬૫૦ તા.૪–૯–૦૮ થી અરજદારને નિયત અરજી ફી ભરવા પત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં આજ દિન સુધી અરજીની ફી ભર્યા અંગેની રસીદ રજુ કરવામાં આવેલ નથી તે સંજોગોમાં અરજદારની મુળ અરજી કાયદાના પરિપેક્ષમાં જોગવાઈઓ સાથે સુસંગત ન હોઈ અપીલ માટેનું કારણ ઉત્પન થતું નથી જેથી તેમની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન,...... જાણ માટે
(૨) મંત્રીશ્રી નવજીવન સોસા.,લિ., નાનપુરા સુરત